આભારપત્ર : રતાડીયા ગામે વીજ પોલની કામગીરી બાબતે આભાર

પ્રતિ,
મહેરબાન પ્રાંત અધિકારી સાહેબશ્રી (ડેપ્યુટી કલેક્ટરશ્રી),
મુન્દ્રા-માંડવી સબ-ડિવિઝન,
જિલ્લો: કચ્છ.

વિષય: રતાડીયા ગામે વીજ પોલની કામગીરી બાબતે આભાર દર્શન તથા કાયમી સ્ટાફની ગેરહાજરી અંગે ધ્યાન દોરવા બાબત...

સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે મુન્દ્રા તાલુકાના રતાડીયા ગામે ખાનગી દીવાલ પરના ગેરકાયદેસર લોખંડના પાઇપ અને જોખમી વાયરો અંગે તા. ૨૫/૦૭/૨૦૨૬ના રોજ આપશ્રીને રજૂઆત કરવામાં આવી હતી.
આપશ્રીએ ચોથા શનિવારની જાહેર રજા હોવા છતાં અત્યંત લોકાભિમુખ અભિગમ દાખવી ત્વરિત સૂચના આપતા સોમવારે વહેલી સવારે જ નવો સિમેન્ટનો થાંભલો (આરસીસી પોલ) ઊભો કરી દેવામાં આવ્યો છે. આપશ્રીની આ ત્વરિત કામગીરી બદલ રતાડીયા ગામ વતી આપનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આપના ધ્યાને લાવવાની અગત્યની બાબતો:

૧. આપની સૂચનાથી *PGVCL* ના કોન્ટ્રાક્ટર દ્વારા નવો થાંભલો તો સ્થાપી દેવાયો છે, પરંતુ *PGVCL* ના કાયમી સ્ટાફ (લાઇનમેન/હેલ્પર) તરફથી હજુ સુધી સ્થળ પર આવીને જૂના લોખંડના થાંભલા પરથી ખુલ્લા વાયરો નવા થાંભલા પર શિફ્ટ કરવાનું મુહર્ત આવેલ નથી.
૨. આપ સાહેબને વહેલી સવારે રજુઆત કર્યાની શનિવારે સાંજે જ ગામમાં જોખમી વાયરના કરંટથી એક નિર્દોષ ગાયનું મોત નીપજ્યું હતું. આ જ લાઇન સ્ટાફના સમયમાં ગત વર્ષે પણ ચોમાસામાં ૨ ગાયોના મોત થયા હતા.
૩. કટોકટીના સમયે અને ભારે વરસાદની અગાઉથી આગાહી હોવા છતાં સ્થાનિક લાઇન સ્ટાફ સંપર્કવિહોણો (ફોન સ્વીચ ઓફ) રહે છે અને કોઈપણ પ્રકારનું સંકલન દાખવતો નથી.

નવો થાંભલો સ્થાપાઇ ગયા બાદ પણ વાયરો શિફ્ટ ન કરાતા અકસ્માતનું જોખમ યથાવત જ રહ્યું છે. આથી આપસાહેબશ્રી આપના સ્તરેથી ***PGVCL*** ના નાયબ ઈજનેરશ્રીને કડક આદેશ કરી આ વાયરો તાત્કાલિક શિફ્ટ કરાવવા અને બેદરકાર સ્ટાફ સામે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપો તેવી નમ્ર વિનંતી છે.
અત્રે એ પણ નોંધનીય છે કે સ્થાનિક જાગૃત કર્મચારી/નાગરિક દ્વારા સતત રજૂઆતો કર્યા બાદ આ એક ચોક્કસ જગ્યાની માંગણી સંતોષવામાં આવી છે પરંતુ હજુ પણ ગામમાં અને આસપાસના વિસ્તારોમાં આવા અકસ્માત સર્જી શકે તેવા અનેક જોખમી થાંભલાઓ હયાત છે. જો વીજ કંપની દ્વારા સમગ્ર ગામનો સર્વે હાથ ધરીને આવા તમામ જોખમી પોલ હટાવવામાં આવે તો જ ભવિષ્યમાં સંભવિત પશુ કે માનવ મૃત્યુ (હત્યા) અટકાવવામાં આપણને પૂર્ણ સફળતા મળશે. આ ઉપરાંત પીજીવીસીએલ દ્વારા રાજ્યના અન્ય તાલુકાઓમાં ચોમાસા દરમિયાન 'સંભવિત અકસ્માત ઝોન' પ્રમાણિત કરી જનજાગૃતિના કાર્યક્રમો યોજી લોકોને વીજ અકસ્માતથી બચવાની માહિતી આપવામાં આવે છે તેવા જ પ્રકારના સઘન જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન ઔદ્યોગિક રીતે સંવેદનશીલ એવા મુન્દ્રા તાલુકામાં પણ તાત્કાલિક કરવામાં આવે તેવી પ્રબળ લોકમાગ ઊઠી છે.

લિ.,
આદર પૂર્વક,
રતાડીયા ગ્રામજનો વતી,
*Pooja Thacker*
(પુજાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
સ્થાનિક રીપોર્ટર, રતાડીયા, તા.મુન્દ્રા (કચ્છ)
તારીખ: ૨૮/૦૭/૨૦૨૬